<u>**ફોજદારી કેસ નં. ૩૭૦૯૫/૨૦૧૭**</u>

## <u>આંક – ૧ નીચેનો હુકમ</u>

આ કામે આજ રોજ લોક અદાલતમાં ફરિયાદી હાજર છે. આરોપી હાજર નથી. ફરિયાદીએ <u>આંક–૦૩</u> થી સમાધાન પુરસીસ રજુ રાખેલ છે અને તેમાં જણાવેલ છે કે પોતે હાલના કામે આરોપી સાથે સમાધાન કરવા માંગતા હોય પોતાનુ સમાધાન મંજુર કરવા અરજ કરેલ છે.ક્રિ.પ્રો.કો. ની ક. ૩૨૦ ધ્યાને લેતાં તથા નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૫/૭/૧૬ ના સરકયુલર નં. સી.૨૬૧૯/૧૬ ધ્યાને લેતા સમાધાન કરવા માટે આરોપીની હાજરી અનીવાર્ય હોય તેવુ જણાતુ નથી. વધુમાં ફરિયાદી પોતાની સ્વેચ્છાએ કોઈના દબાણમાં આવ્યા વિના આવુ સમાધાન કરતા હોવાનુ જણાવે છે. આ કામના આરોપી સામે ઈ.પી.કો.ક. ૩૭૯ મુજબના ગુનાનો આક્ષેપ છે. આરોપી સામેનો આક્ષેપીત ગુનો ક્રિ.પ્રો.કો.ની ક.૩૨૦(૧) અન્વયે સમાધાન લાયક છે. આરોપી સામે હવે અન્ય કોઈ કલમ માટે હાલના કેસની ટ્રાયલ આગળ ચલાવવાની રહેતી નથી.

આ કામના આરોપી/આરોપીઓને તેમની સામેના ઈ.પી.કો.ક.૩૭૯ મુજબના સજા અને દંડને પાત્ર ગુનાના આરોપ બદલ ક્રિ.પ્રો.કો.ની ક. ૩૨૦(૮) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદ્દામાલ અંગે અગાઉ વચગાળાનો હુકમ બીનશરતી રીતે કાયમ કરવામાં આવે છે. જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો અપીલ સમય બાદ ઈન્કવાયરી કરવાનો આદેશ કરવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી,સંભળાવી , મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૮/૧૨/૨૦૧૮

**(પી.એમ.ઉનડકટ)**

એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર ૨૦, અમદાવાદ.